Saarth E-Journal

Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.8 No.6

Impact Factor
Quarterly
Apr-May-June 2023

# કવિ રાવજી પટેલની કવિતામાં આધુનિકતાનો સંસ્પર્શ

મનોજભાઇ ઉદેસિંહ પરમાર

આધુનિકતાનું પહેલું કામજૂનાને ઉખેડીને તેની જગાએ નવાનું પ્રસ્થાપન કરવું તે છે. તેનું વલણ પરંપરાથી ઊફરા ચાલવાનું હોય છે. અંગ્રેજી સાહિત્યમાં ૧૮૮૦ આસપાસ નિરૂપ્ય, સ્વરૂપ, ભાષા, નિરૂપણ ઈત્યાદિ પરત્વે નવી વિભાવના બંધાઈ, તેની સાથે પરંપરાથી ચાલ્યા આવતાં વલણોનો વિરોધ શરૂ થયેલો. એટલે ત્યાં આધુનિકતાનો આરંભ ૧૮૮૦થી થયેલો ગણાય છે. ગુજરાતી સાહિત્યમાં નિરૂપ્ય(content) અને સ્વરૂપ (form) તથા રચનારીતિ અને સંવિધાન પરત્વે નવો અભિગમ શરૂ થયો તે ૧૯૫૫ પછીથી. આધુનિક યુગના રાવજી પટેલનો ૧૩૩ કવિતાને સમાવતો એક માતબર 'અંગત' (૧૯૭૧) કાવ્યસંગ્રહ આપણને તેમના મૃત્યુ પછી સાંપડે છે. તેમાં છાંદસ, અછાંદસ, ગીત, ગઝલ અને દીર્ઘ રચનાઓને સમાવતો મરણોત્તર કાવ્યસંગ્રહ. ઉત્તમ અને લોકપ્રિય તત્વોના સંમિશ્રણમાંથી જન્મેલું રાવજીની કવિતાનું ક્લેવર 'દગ્ધ કૃષિકવિ'નું છે. અહીં નગરમાં આવી પડવાથી છિનવાઈ ગયેલા ગ્રામીણ અસબાબની ઝંખા છે. ક્ષયની શય્યાગ્રસ્ત રુગ્ણતા અને નિષ્ક્રયતા સાથે બહારના જગતના થયેલા વિયોગની વેદના છે તેમ જ મૃત્યુનું વૈયક્તિક વેદન છે. રાવજીની કવિતામાં શબ્દબળ સાથે રહેલું ઈન્દ્રિયબળ પણ નોંધપાત્ર છે. અહીં પરંપરાનું જમા પાસું છે, તો શબ્દના અર્થને પરંપરાની તર્કસીમામાંથી છોડાવવાની જહેમત પણ છે. મૃત્યુનો હળવો ઉપહાસ રચતી 'સ્વ. હુંશીલાલની યાદમાં', ભિન્ન ભિન્ન મિજાજમુદ્રાઓ અને બદલાતાં વાસ્તવ પરિમાણો બતાવતી 'સંબંધ' અને આરંભથી અંત સુધી ઈન્દ્રિયગત ચમત્કૃતિઓની હારમાળા સર્જતી 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' મહત્વની રચનાઓ છે.રાવજી પટેલની કવિતા 'એક બપોરે'માં તે કહે છેઃ

'મારા ખેતરને શેઢેથી
લ્યા ઊડી ગઈ સારસી!'(અંગત, પૃ. ૨૯)

ચેતનામાંથી કઇંક વિલોપ થઇ ગયું છે તેનો ઊંડો ભાવસંદર્ભ અહીં સર્જકને માં સાથે હકારાત્મક વલણ અને પોતાની ચેતના સાથેનો વાર્તાલાપ તથા ખેતર ખેડનાર સાથેની નકારાત્મકતા આ કાવ્યમાં મૂકાયેલો છે. આ સારસી ઊડી જવાનો આખો પ્રસંગ વેદના(આંતરિક ચેતના)ના એક ઊંડા સંદર્ભનો સંકેત છે. એમની ઘણી રચનાઓનું હાડ આ વેદનામાંથી બંધાયું છે.તો વળી,

'અમને ઘડીવાર તો ગંધ ઊંઘની આલો,
આલો શ્વાસ તમારો ઓઢું, જંપું
અંધકારની પડખાનો આ - વેગ
હવે તો બાધો
ઢળ્યે ઢોલિયે...'(અંગત, પૃ. ૩૦)

મૃત્યુના મુખમાં પગ મૂકીને ઊભેલા કવિનો અજંપો વ્યક્ત કરતાં આ ઉદ્ગારો મૂર્ત અને હૃદયસ્પર્શી છે. ડૉ.ધીરુભાઈ ઠાકરે નોંધ્યું છે તેમ,"રોમેન્ટિક શૈલીમાં દર્દને વેધક હલકમાં ગાનાર કવિ તરીકે રાવજી આધુનિકોમાં માંગ મુકાવે તેવો છે."આધુનિક કવિતામાં એક બાજુ કેટલાક પ્રબળ અવાજો ઊપસી રહ્યા હતા ત્યારે કેટલાક પ્રયોગની સપાટી ઉપર છબછબિયાં કરી રહ્યા હતા. સારા-નરસા પ્રયોગોની આવી જામેલી આબોહવામાં અનાઘ્રાત પુષ્પની તાજપ લઈને આવે છે રાવજી પટેલ. તેમની કવિતામાં પ્રગટતી નગરજીવનની કૃતકતા, પોકળતા, વિચ્છિન્નતા, એકલતા વગેરે આધુનિક સંવેદનાનો પરિચય આપે છે. કવિની આ સંવેદના અંગત હોવા છતાં આધુનિક સંસ્પર્શતાને સ્પર્શે છે. નગરસંસ્કૃતિજન્ય સંવેદનાનું આલેખન, નિર્ભ્રાન્તિ, મૂલ્યવિદ્રોહ જેવી સંવેદનક્ષણા 'અંગત'માં જોવા મળે છે.

'કાલિદાસ, તેં ઇચ્છેલું કશુંય થયું નહીં.
અહીં તો હજીય માણસને તારી જેમબે પગ, બે હાથ
બે આંખો અને હજાર હજાર લફરાં છે, હજીય.' (અંગત, પૃ. ૯૭)

ભાવનાશીલ કવિઓનું માનવજાતિ વિશેનું સ્વપ્ન સિદ્ધ થયું નથી, સાંસ્કૃતિક ઉત્ક્રાન્તિ પણ પોકળ નીવડી છે. માણસ જરા પણ બદલ્યો નથી. એ તથ્ય તરફ રાવજી ઉપરની પંક્તિ દ્વારા અંગુલિનિર્દેશ કરે છે. આધુનિકો પ્રવર્તમાન પરિસ્થિતિથી અસંતુષ્ટ છે. સંવેદનની જડતા અને ગૂંગળામણને કારણે કવિ અકળાય છે. કવિ એના વ્યક્તિત્વને પામવા મથે છે. વ્યક્તિત્વના તરડાયેલા ચહેરાને – 'હું' ની છિન્નભિન્નતાનેકવિ તપાસે છે. તો પોતાની અસ્તિત્ત્વ વિશેની વાત જે કવિતામાં રજૂ કરી છે તે કવિતા તા. ૧૫-૧૧-૬૩માં કવિતામાં નિરૂપાયેલ છે તે જુઓ;

'હું કશી દીવાલમાં અટવાઉં છું.
ઈસ્ત્રી કરેલા શબ્દને ગોઠવું છું
કોઈ કાનોમાં,' ( અંગત, પૃ. ૩૨)

જન્મ, જીવન અને મૃત્યુની સરિયામ વ્યર્થતાનો આધુનિક કવિનો અનુભવ અત્યંત આકરો છે. પોતે જ ઊભી કરેલી કૃતક સભ્યતા વચ્ચે તેની ઓળખ ભૂંસાઈ રહી છે.પ્રવર્તમાન પરિસ્થિતિથી એ ભારે અસંતુષ્ટ છે. એને

એ ટાળી શકતો નથી તેથી પોતાને વંધ્ય કે નિર્જીવરૂપે અનુભવે છે અને એનામાં આત્મતિરસ્કારની લાગણી જાગે છે. પોતાનું ચપટાપણું, સંવેદનજડતા અને ગૂંગળામણ અસહ્ય બનતાં રાવજી અકળાઈ ઊઠે છે.

'દેહમાં પુરાયેલું અસ્તિત્વ આ
ગમતું નથી.
મને કોઈ રાવજીથી ઓળખે
એય હવે ગમતું નથી.' (અંગત, પૃ. ૩૨)

કવિ પોતે સભ્ય સમાજની વચ્ચે રહીને એની કૃતકતાને છોડી શકતો નથી. એમાં જ સમાધાન શોધવાની વૃત્તિ દાખવે છે અને એમાંથી આત્મમાનવિહોણી, વ્યક્તિત્વહીન સ્થિતિ થાય છે. વેદના એના લોહીનો અસલ રંગ છે. જર્જરિત હાડકાના માળા જેવા શરીરને ટકાવવા મૃત્યુ સામે તે સતત ઝઝૂમતો રહ્યો છે. તેથી વિષાદના અનુભવને માટે તેને ક્યાંય જવાનું નહોતું. એકલતા, વિષણ્ણતા, વિરતિ જ તો એનું જીવિત હતું. આ કવિની કવિતાનું અંતઃસત્ત્વ એ રૂપાન્તરે એનું જ અંતઃસ્તત્ત્વ છે.

સમાજ અને તેની પરંપરાઓ તથા રૂઢ માન્યતાઓ સામેનો આધુનિકકવિતાનો વિદ્રોહ રાવજીની કવિતામાં બહુ જોરદાર અભિવ્યક્તિ પામે છે. આધુનિક કવિતામાં મૂલ્યવિદ્રોહ જોવા મળે છે. રાવજી ક્યારેક બ્રહ્મ, ૐ, રામ અને બુદ્ધને આ સંદર્ભમાં રજૂ કરે છે. બ્રહ્મને છાશ ભરેલ બટેટું માનવામાં, ૐને વાંકુચૂકું અને બોબડું કહેવામાં અને સંડાસની ભીંત પર આલેખાયેલ નિરૂપવામાં, બુદ્ધને સમાધિસ્થ કહેવાને બદલે નયન ઢાળીને ઢોંગ કરતો કહેવામાં આ પ્રકારનો મૂલ્યવિદ્રોહ જોઈ શકાય છે. આ વિદ્રોહ આધુનિક કવિતામાં વ્યંગની એક નવી ધાર પ્રગટાવે છે. આધુનિક કવિઓ વિદ્રોહને વ્યક્ત કરવા વિડંબનાના શસ્ત્રનો આશારો લે છે. આ ઉગ્ર રોષ રાવજી પટેલની કવિતામાં તીવ્ર વિડંબનામૂલક અભિવ્યકિત પામ્યો છે. રાવજી માટે આવી અભિવ્યક્તિ જાણે હસ્તામલકવત્ બની રહે છે. કવિ આધુનિક માનવીની સંવેદનાને અત્યંત તાજગીસભર, વક્ર, વિડંબનામૂલક કે વ્યંગાત્મક કાકુઓમાં પ્રગટ કરે છે. 'હું જીવતો છું' કાવ્ય આ સંદર્ભમાં સાધંત આસ્વાદ્ય છે. 'હું જીવતો છું એ કાંઈ ઓછું છે', 'હોય, બોસ છે બિચારો ભલે' જેવી પંક્તિઓમાં ઉપહાસનું તત્ત્વ જોઈ શકાશે. 'મિસ જુલિયટીનું પ્રણયગીત' માં મંદિરના શ્રીજીને પણ નાયિકાની પત્નીને પાંપણથી પંપાળતા બતાવાય છે.

આધુનિક કવિ વાણીની તિર્યકતા વડે સામાન્ય સપાટીથી અળગો રહીને, મુખ્યત્વે તો પોતાની તરફ જ વ્યંગનું તીર તાકીને યથાર્થને ઓળખવા મથતો જોવા મળે છે. તિર્યકતાનો આશ્રય લઈને ત્રાહિત વ્યક્તિ જેવા લાગતા સામાન્ય માનવનું ઠઠ્ઠાચિત્ર આલેખીને સ્વના સાચા સ્વરૂપને પામવાની મથામણ પણ કરે છે.'સ્વ. હુંશીલાલની યાદમાં' હાસ્યવક્રતા, લયસિદ્ધિ, શબ્દવૈભવ અનુભવાય છે. મરશિયાનો વિલક્ષણ ઉપયોગ કરી પરિહાસની ભાષામાં મનુષ્ય જીવનની ક્ષુલ્લકતાને પ્રગટાવે છે. અતિશયોક્તિ, કટાક્ષ, પાસની અળવીતરી રમત, વ્યંગ, માર્મિક વિધાનોની યુક્તિઓ, અજમાવી હાસ્યની છોળો ઉડાવે છે. કાવ્ય દુહાથી આરંભાય છે.

'ઝાંખા ઘર પાદર થયાં ઝાંખી માનવજાત;
સૂરજ રોડું થઈ ગયો મરતાં હુંશીલાલ. (અંગત, પૃ. ૧૦૦)

આધુનિક કવિનો એક મિજાજ અતીત માટેની ઝંખનાનો, ઝુરાપાનો છે. એ પોતાને અસલિયતમાંથી ઊખડી ગયેલો અનુભવે છે અને તેથી એ ઉત્કટતાથી આજને ધિક્કારતો થઈ જાય છે અને એટલી જ ઉત્કટતાથી ગઈકાલને ઝંખવા લાગે છે. નવકવિનો આવો મિજાજ અદ્યતન કવિતાનું અત્યંત સર્જનાત્મક અને પ્રગતિકારક પરિબળ બની રહે છે. આધુનિક કવિઓમાં ઝુરાપાનો પ્રબલ સૂર રાવજીનો છે. કૃષિસંસ્કૃતિનું એને ભારે આકર્ષણ છે. 'ચણોઠી-રક્ત અને ગોકળગાય'માં નગરસંસ્કૃતિ સાથેનો વિસંવાદ અને કૃષિસંસ્કૃતિનું અનુસંધાન ગુમાવતા

જવાની વેદનાને મર્મવિદારક વાચા મળી છે. વીતી ગયેલું શૈશવ પણ કવિના મનોજગતમાં ડોકાયા કરે છે, એને પુનઃ પામવાની ઝંખના જાગે છેઃ

'મને કોઈ રાવલી પદાવલી કહે
પછી જૂના રાણીછાપ પૈસા પર
તાજછાપની જરક ચોંટડી ધની કાછિયણને
છેતરવાનું મળે.'(અંગત, પૃ. ૭૯)

આધુનિક સમયમાં ગીત, ગઝલ અને દીર્ઘકાવ્યને નૂતન પરિમાણ મળે છે. રાવજી પટેલની 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' આ ગાળાની એક શકવર્તીકૃતિ બની રહે છે. એમાં કવિ પરંપરાગત લય અને પરિચિત સામગ્રીને નૂતન સંવેદન સંદર્ભે મઢી દે છે. લગ્નગીતનો લય પસંદ કરી કવિ આભાસી મૃત્યુનું ગીત ગાય છે. 'મિસ જુલિયટીનું પ્રણયગીત'માં કવિ પરંપરાગત લયસામગ્રીને હાસ્યકટાક્ષ વિશે પ્રગલ્લભતાપૂર્વક યોજે છે. તેમની દીર્ઘરચના 'સંબંધ'(લયમાં આત્મદર્શન)સંસ્કૃતિના ક્ષયને આલેખે છે. એમાં વેદનાગ્રત અવસ્થા, અસ્તિત્વની વ્યર્થતા અને મૃત્યુના પડછાયાથી ઘેરાયેલા ઠાલા- વંધ્યમાનવીની મૂર્તિ પ્રગટે છે. નિજત્વથી ભર્યો ભર્યો કવિ, કશા અભિનિવેશ વિના, સર્જનક્ષેત્રે નવી ક્ષિતિજો કેવી રીતે સર કરે છે તેનું સર્વોત્તમ ઉદાહરણ આધુનિક કાળમાં રાવજી પટેલની કવિતા પૂરું પાડે છે. આધુનિક કવિ ભાવનાની ભાષાને બદલે વાસ્તવની- રોજિંદા જીવનની ભાષા તરફ વળતો ગયો છે. આધુનિક કવિતામાં કવિના શબ્દગત નાનામોટા પ્રયોગો જોવા મળે છે. જેમ કે રાવજી 'પોચી પોચી ગરમીને પાંદડીઓથી પીવાનું' કે 'ઔષધ પીતાં ઔષધ' આપનારીને પીવાનું વર્ણવે છે. આધુનિક કવિતામાં ભાષાપ્રક્રિયા નોંધપાત્ર બની રહી છે. રાવજીની કૃતિ 'બિછાનેથી'ની આ પંક્તિઓ જુઓઃ

'પથારીમાં ગોટવાતા મેઘના પહાડ.
ઓરડીમાં કફ છૂટ્યાં વિહગનો વીંઝવાતો ભાર.
જર્જર...'(અંગત, પૃ. ૩૯)

ઉપર્યુક્ત કવિતામાં લયવિધાન દ્વારા શબ્દને વિરલ સ્થાન અને તેથી વિરલ સામર્થ્ય મળ્યું છે. રાવજીની તળપદી વાણીનો લય પ્રાસાદિક છે, આ કવિને ક્યાંય કોઈ શબ્દની, અર્થની, વ્યાકરણના નિયમોની કશાની જાણે આભડછેટ નથી. ભાષા પાસેથી કામ લેવાની તેની શક્તિ ન્યારી છે. કવિ પથ્થર-જથ્થર, સેલણ-ભેલણ, આખડ-પાખડ જેવા બળકટ રવાનુકારી શબ્દો દ્વારા ભાષાના પોતને બળકટ બનાવે છે. અછાંદસની મોકળાશ અને એની રોજિંદી બોલચાલની ભાષાનો ઉપયોગ અને એને લીધે છંદરચનાની જુદી એવી ઉદગારછટાઓ પણ સાધી શકાઈ છે. રાવજીનું 'ઢોલિયે' કાવ્ય કટાવની ચાલમાં ચાલે છે. સજીવારોપણનું તત્ત્વ પણ આધુનિક કવિતામાં વધ્યું છે. રાવજીમાં આ સજીવારોપણની ઉપમાની તીવ્રતા જોવા મળે છે. 'કંકુના સૂરજ','અમારી પરવાળા જેવી પાની' જેવી ઉપમા આધુનિક કવિતાની વિશેષતા છે.

અત્યાધુનિક નગરપ્રેરિત વિરતિમાં એક નવો ગોપસૂર રાવજી પટેલનો ભળે છે. કલ્પનોમાં એ અસાધારણ તાજગી અને મૌલિક્તા લઈ આવે છે. સચોટ, વેધક અને હૃદયને પ્રસન્ન કરી મૂકે એવા સઘન, ઊર્મિયુક્ત અને ભાવોચિત બાનીમાં મઢાયેલા ચમત્કારક અને મનોહારી કલ્પનોના પ્રબળ ઉન્મેષ વરતાય છે. વિવિધ ઇન્દ્રિયોને સંતર્પે એવાં કલ્પનો રાવજીની કવિતામાં ઠેર ઠેર મળી આવે છે. પ્રબળ જિજીવિષા અને ગમે તે પળે આવનારા અનિવાર્ય મરણના ભયની વચ્ચે માનવી ઝોલાં ખાય છે. રાવજીની ઘણી કૃતિઓમાં મૃત્યુનાં ઓળા પથરાયેલા

વરતાય છે. '૧૯૬૪-૬૫', 'રામકહાણી' અને 'એન. સી. સી. પરેડ' એ ત્રણ રચનાઓમા યુદ્ધસંવેદના નિરૂપણ પામી છે. કવિ યુદ્ધને ધિક્કારે છે. યુદ્ધને જ નહિ યુદ્ધના વિચારને પણ ધિક્કારે છે. કોઈને પ્રશ્ન થશે કે આધુનિક સંવેદના નગરવાસી છે અને રાવજીનો મુખ્ય અનુભવ ગોપ-કૃષિસૃષ્ટિનો છે તો પછી રાવજી આધુનિક કવિ કેમ? એનો ઉત્તર એ છે કે ગોપ-કૃષિસૃષ્ટિ કવિના સંવેદનમાં ઉદ્દીપન વિભાવ તરીકે આવે છે અને કવિનું સંવેદન

નગરજીવનમાં સ્થિર ન થઈ શકેલા યુવાનના ઝુરાપાને વ્યક્ત કરે છે. નગરજીવનનું પરાયાપણું , એકલતા વગેરે તે અનુભવે છે જે આધુનિક છે. અનુગાંધીયુગ પછીની ગુજરાતી કવિતામાં આધુનિકતાનાં જેલ ક્ષણો દેખાય છે તેમાં નગરજીવનની વિષમતા એક મહત્ત્વનું લક્ષણ છે. દૈવયોગે રાવજી જનપદમાંથી નગરમાં આવી ગયો હતો. પણ જનપદથી એની નાળ વિચ્છેદાઈ નહોતી, એટલે એ નગરજીવનમાં અટવાયો હતો. જનપદના આ જીવને નગરમાં ગોઠતું નહોતું. નગરમાં એ કોઈપણ સંદર્ભ વિના જીવે છે અને પોતાનું નિજત્વ ટકાવી રાખવાના પ્રયત્નો કરે છે. નગર જીવનની ઝાકઝમાળ, કૃત્રિમતા અને કૃતકતા અને સતત ડંખે છે. આ 'ગોપકવિ'થી જનપદ ભુલાતું નથી.

નગરમાં વસતા આ કવિને નગર કદી પણ પોતાનું લાગ્યું નથી. એને હંમેશા પોતે કોઈ અજાણ્યા ઘરમાં ઘૂસી ગયો હોવાનો ભાવ થાય છે. આ ઘરમાંથી જાતે ઊઠીને 'તબો-તમાકુ' પોતે ક્યારેય લઈ શકવાનો નથી. એની એને ભારો ભાર વેદના છે. એટલે જ એનાં ઘણાં કાવ્યોમાં ગ્રામસંસ્કૃતિ વિરુદ્ધ નગર સંવેદન વર્ણવાયું છે. રક્ત – માંસની જેમ ગામ, ગામની સીમ અને એનો પરિવેશ, રાવજી સાથે એક રૂપ થઈ ગયા છે. 'સીમનું મન' કાવ્યના અંતે એ ઉદ્ગારે છે:

'ને હું હવે નગરને પંથે સંચરું ત્યાં
આખીય સીમ મુજને વળગી રહી છે !' (અંગત, પૃ. ૩૫)

રાવજીને પોતાની ગામની આખીય સીમ હજી પણ વળગી રહી હોવાનું અનુભવતો આ કૃષિ કવિ નગરને પંથે સંચરે છે, ત્યાં તેને નગરજીવનની યંત્રણા, વિષમતા, એકલતા અને શૂન્યતાની વિષાદ ઘેરી વળે છે. આધુનિકતા રાવજીની કવિતામાં આગંતુક નથી. એના સમકાલીન આધુનિક કવિઓની તુલનામાં એણે પોતાની આગવી આધુનિકતા સિદ્ધ કરી છે. આ આધુનિકતાનું મૂળ નીજી સંવેદનમાં છે. કવિની સમસ્ત ચેતનાને એ અનેક સ્તરેથી આલેખે છે. જિવાતું જીવન અને શબ્દ રાવજીની કવિતામાં તાણાવાણાની જેમ વણાઈને આવે છે. વિવિધ લય અને ડોલનથી એણે પોતાની કવિતામાં આધુનિકતા સિદ્ધ કરી છે. એણે આધુનિકતાનું નવું રૂપ આપ્યું છે. એની આધુનિકતા કેવળ ઉદ્ગારવાચક બનીને શમી નથી જતી, પરંતુ પ્રૌઢ અને બળકટ કાવ્યબાની પ્રગટાવે છે.

**સંદર્ભ સૂચિ:**

(૧) કૃષિકવિ રાવજી પટેલ, કક્કડ અરુણ, પ્રવીણ પુસ્તક ભંડાર રાજકોટ,આવૃત્તિ. ૧૯૯૬
(૨) અંગત, સંપા. ચૌધરી રઘુવીર, આદર્શ પ્રકાશન અમદાવાદ, છઠ્ઠી આવૃત્તિ. ઑગસ્ટ-૨૦૦૮
(૩) સાહિત્યમાં આધુનિકતા, શાહ સુમન, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ, આવૃત્તિ. ૨૦૧૪

**મનોજભાઈ ઉદેસિંહ પરમાર**
આસિસ્ટન્ટ પ્રોફેસર
અનુસ્નાતક ગુજરાતી વિભાગ
શ્રી આઈ. એલ. પંડયા આર્ટ્સ, સાયન્સ એન્ડ જે. શાહ કોમર્સ કૉલેજ, ડાકોર
ઈ. મેલ. manojparmar19@gmail.com

મો. નં. ૯૯૦૪૧ ૬૯૪૩૨